# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યોને ઉત્પાદન અને વ્યવસાયને સરળ કરવા અને ભારતને વૈશ્વિક સેવાઓનું કેન્દ્ર બનાવવા હાકલ કરી.

2) કેન્દ્રીનુયગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે ભારત 2027 સુધીમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે.

3) સર્વોચ્ચ અદાલત આજે અરવલ્લી પર્વતમાળા મામલે સુઓ મોટો અરજી પર સુનાવણી હાથ ધરશે

4) રેલવે ટૂંક સમયમાં પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેન શરૂ કરશે

5) યુક્રેન અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખોએ શાંતિ યોજના પર ફળદાયી ચર્ચા કરી

6) મહિલા ક્રિકેટમાં ભારતે ચોથી T20 મેચમાં શ્રીલંકાને 30 રનથી હરાવી 4-0ની અજય સરસાઈ મેળવી

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-CHIEF-SECRETARIES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યોને ઉત્પાદન અને વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા અને ભારતને વૈશ્વિક સેવાઓનું કેન્દ્ર હાકલ કરી છે.

નવી દિલ્હીમાં મુખ્ય સચિવોના પાંચમા રાષ્ટ્રીય પરિષદને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે ભારત ટૂંક સમયમાં રાષ્ટ્રીય ઉત્પાદન મિશન શરૂ કરશે.

સાંભળીએ એક અહેવાલ

## v \c – કૌશિક

પ્રધાનમંત્રીએ કેન્દ્ર અને રાજ્ય સરકારોને આયાત પર નિર્ભરતા ઘટાડવા અને દેશના અર્થતંત્રને મજબૂત બનાવવા માટે સ્થાનિક ઉત્પાદન માટે 100 ઉત્પાદનો ઓળખવા વિનંતી કરી. તેમણે રાજ્યોને તેમના ક્ષેત્રમાં ઓછામાં ઓછું એક વિશ્વ-સ્તરીય પર્યટન સ્થળ વિકસાવવા વિનંતી કરી.

---

# SHAH GUJARAT

ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે ભારત 2027 સુધીમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે. ગુજરાતના અમદાવાદમાં વિશ્વ ઉમિયા ધામ ખાતે યુવા વ્યાપાર સંમેલનને સંબોધતા શ્રી શાહે આ પ્રમાણે જણાવ્યું હતું.

## Byte – અમિત શાહ

શ્રી શાહે અમદાવાદના મનિુપરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવન પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ નમોત્સવમાં પણ હાજરી આપી હતી.

## Byte – અમિત શાહ - નમોત્સવ

અગાઉ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા આયોજિત IMA નેટકોન 2025 ને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે દેશનું આરોગ્ય માળખુ સર્વાંગી અભિગમ સાથે બનાવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત શ્રી શાહે નવા વણઝરમાં ₹330 કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું.

---

## SHAH-GUWAHATI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુવાહાટીની મુલાકાતે જશે.

તેઓ ગુવાહાટીમાં નવા બનેલા 'શહીદ સ્મારક ક્ષેત્ર' ખાતે આસામ ચળવળના શહીદોને શ્રદ્ધાંજલિ આપશે. ત્યારબાદ શ્રી શાહ નાગાંવ જિલ્લાના બોરદુવામાં વૈષ્ણવ સંત શ્રીમંત શંકરદેવના જન્મસ્થળ બટદ્રવ થાન જશે , અને આધ્યાત્મિક સ્થળના પુનર્વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. બાદમાં ત્યાં જાહેર સભાને પણ સંબોધિત કરશે.

---

## SC'S CRUCIAL SUO MOTU-ARAVALLI

સર્વોચ્ચ અદાલત આજે અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યા અંગેના વિવાદની સુનાવણી કરશે.

સર્વોચ્ચ અદાલત આ મામલે સુઓ મોટો અરજી પર સુનાવણી કરશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ, આ કેસની સુનાવણી કરશે.

પર્યાવરણીય રીતે મહત્વપૂર્ણ અરવલ્લી પર્વતમાળાની સલામતી અંગે વધતી ચિંતાઓ અને સરકાર દ્વારા તેના રક્ષણ માટે વારંવાર ખાતરીઓ વચ્ચે સર્વોચ્ચ અદાલતે આ મામલે સુઓમોટો નોંધ લીધી.

---

# PRESIDENT---JHARKHAND-VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી  ઝારખંડની ત્રણ દિવસીય મુલાકાત લેશે. તેઓ આજે પૂર્વ સિંહભૂમ અને સરાઈકેલા ખારસાવન જિલ્લામાં અને કાલે ગુમલા જિલ્લામાં અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે.

આ અંગે પ્રસ્તૃત છે એક અહેવાલ

**Vc - shilpi**

---

# PUDUCHERRY-VP-VISIT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે પુડુચેરીની મુલાકાત લેશે. તેઓ સ્માર્ટ સિટી મિશન હેઠળ એક હાઉસિંગ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. તેઓ ભરતીયાર મેમોરિયલ ખાતે મહાન કવિ સુબ્રમણ્ય ભારતીયારની પ્રતિમાનું અનાવરણ કરશે.

ઉપરાષ્ટ્રપતિ કુમારગુરુ પલ્લમ સ્થળ પર સ્માર્ટ સિટી મિશન હાઉસિંગ પ્રોજેક્ટના લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. તેઓ મૂલાકુલમ ખાતે પેટિટ સેમિનાર સ્કૂલના સિનિયર સેકન્ડરી બ્લોકનું ઉદ્ઘાટન કરશે. શ્રી રાધાકૃષ્ણન કાલાપેટ ખાતે પુડુચેરી યુનિવર્સિટીના 30મા દીક્ષાંત સમારોહની અધ્યક્ષતા કરશે.

ત્યારબાદ તેઓ તિરુવનંતપુરમ જશે અને ત્યાં અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે.

---

# RAILWAYS--2025

રેલ્વે મંત્રાલયે જણાવ્યું હતું કે કેન્દ્રિત પ્રયાસો , નવીનતા અને સ્વદેશીકરણ ભારતીય રેલ્વેને વિશ્વ કક્ષાના નેટવર્કમાં પરિવર્તિત કરી રહ્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે અમૃત ભારત ટ્રેનો દ્વારા નોન-એસી મુસાફરો માટે આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કર્યા પછી , ભારતીય રેલ્વે ટૂંક સમયમાં પ્રથમ વંદે ભારત એસી સ્લીપર ટ્રેન ચલાવશે. મંત્રાલયે જણાવ્યું કે આ મહિનાની 26મી તારીખ સુધીમાં કુલ 164 વંદે ભારત ટ્રેનો કાર્યરત હતી.

મંત્રાલયે જણાવ્યું કે આ વર્ષે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 25,000 કરોડ રૂ. થી વધુના ખર્ચે 42 રેલ્વે પ્રોજેક્ટ્સ સમર્પિત કર્યા , 13 પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને 21 પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો.

મંત્રાલયે જણાવ્યું કે ઈ-ટિકિટિંગ સિસ્ટમનો દુરુપયોગ કરવાનો પ્રયાસ કરનારાઓને ઓળખવા માટે અત્યાધુનિક ટેકનોલોજી અપનાવવામાં આવી રહી છે

---

# DELHI-ENVIROMENT

દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિન્દર સિંહ સિરસાએ જણાવ્યું છે કે દિલ્હી સરકાર શહેરમાં પ્રદૂષણનો સામનો કરવા માટે AI-આધારિત, ડેટા-સંચાલિત સિસ્ટમ પર કાનપુર સ્થિત IIT સાથે સહયોગ કરવાની શક્યતા શોધી રહી છે.

શ્રી સિરસાએ જણાવ્યું કે આ પહેલનો ઉદ્દેશ્ય પ્રદૂષણના સ્ત્રોતોને ઓળખવાનો , તેમની અસરનું વૈજ્ઞાનિક રીતે મૂલ્યાંકન કરવાનો અને સમયસર પગલાં લેવાનો છે. તેમણે ઉમેર્યું કે આ પહેલ એવી સિસ્ટમ વિકસાવશે જે સતત દેખરેખ , વિશ્લેષણ, આગાહી અને પગલાં લેવા માટે માર્ગદર્શન આપી શકે.

---

# ALL INDIA SHIA PERSONAL LAW BOARD

અખિલ ભારતીય શિયા પર્સનલ લો બોર્ડે બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારોની નિંદા કરી છે.

બોર્ડે જણાવ્યું કે ઇસ્લામ કોઈપણ નિર્દોષ વ્યક્તિની હત્યાને સમર્થન કરતું નથી. બાંગ્લાદેશ અને નેપાળના ઉલેમા અને મુસ્લિમ વિદ્વાનોએ પણ લખનૌમાં શિયા પર્સનલ લો બોર્ડની વાર્ષિક બેઠકમાં હાજરી આપી હતી.

બોર્ડના મહાસચિવ મૌલાના યાસુબ અબ્બાસે જણાવ્યું કે બેઠકમાં આતંકવાદની સખત શબ્દોમાં ટિકા કરવામાં આવી હતી , અને આતંકવાદ સામે મજબૂત ઝુંબેશ ચલાવવાની વિનંતી કરાઈ હતી.

---

# TRUMP-ZELENSKYY-MEET

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ ગઈકાલે ફ્લોરિડામાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે શાંતિ યોજના પર ચર્ચા કરી હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ બેઠકને ખૂબ જ સફળ ગણાવી અને કહ્યું કે શાંતિ વાટાઘાટોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.

તેમણે કહ્યું હતું કે રશિયા અને યુક્રેન બંને યુદ્ધનો અંત લાવવા માંગે છે. બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા શ્રી ટ્રમ્પે જણાવ્યું હતું કે શાંતિ વાટાઘાટો આગામી થોડા અઠવાડિયામાં પૂર્ણ થશે. બેઠક પહેલા , શ્રી ટ્રમ્પે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે પણ લાંબી વાતચીત કરી હતી.

રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની મુલાકાત બાદ સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે ચર્ચાઓને અંતિમ સ્વરૂપ આપવા માટે શક્ય તેટલી વહેલી તકે વાતચીત કરવા માટે એક કરાર થયો હતો. તેમણે કહ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ આવતા મહિને વોશિંગ્ટનમાં યુક્રેન અને યુરોપના નેતાઓનું આયોજન કરશે.

---

# WOMEN-S-CRICKET

મહિલા ક્રિકેટમાં ભારતે ગઇકાલે ચોથી T20 મેચમાં શ્રીલંકાને 30 રનથી હરાવ્યું. આ વિજય સાથે, ભારતે 4-0 ની અજય સરસાઈ મેળવી છે .

ગઈકાલે તિરુવનંતપુરમમાં પાંચ મેચની T20 શ્રેણીની ચોથી મેચમાં શ્રીલંકાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો.

પ્રથમ બેટિંગ કરતા , ભારતે 20 ઓવરમાં 2 વિકેટે 221 રન બનાવ્યા. સ્મૃતિ મંધાનાએ 87 અને શેફાલી વર્માએ 79 રન બનાવ્યા. જીતવા માટે 222 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, શ્રીલંકા 6 વિકેટે ફક્ત 191 રન જ બનાવી શક્યું.

સ્મૃતિ મંધાનાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. શ્રેણીની પાંચમી અને અંતિમ મેચ આવતીકાલે રમાશે.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજે મોટાભાગના અખબારોએ ,અમેરિકન કંપનીઓની નાદારી તેમજ અનેક દેશોમાં નવા વર્ષની ઉજવણીમાં આતંકી હુમલાની આશંકાના પગલે રદ કરાઇ આ સમાચારોને પ્રથમ પાને છાપ્યા છે ,
- સંદેશ લખે છે , us માં કંપનીઓની ધડાધડ નાદારી
- ગુજરાત સમાચાર એ લખ્યું છે , અમેરિકામાં 717 કંપનીઓએ દેવાળું ફૂંક્યું : 15 વર્ષનો રેકોર્ડ તૂટયું.
- ફૂલછાબ લખે છે :આતંકી ખતરો : દુનિયામાં અનેક ઠેકાણે ન્યુ યર પાર્ટીઓ રદ
- નવગુજરાત સમાચાર લખે છે ,વિશ્વના અનેક શહેરમાં નવા વર્ષની ઉજવણીના કાર્યક્રમો રદ કરાયા.ઉપરાંત સ્થાનિક સમાચારોમાં ,રાજ્યમાં ઠંડીમાં વધારો તેમજ અમિત શાહના અમદાવાદ ખાતેના કાર્યક્રમોના સમાચાર તસવીરો સાથે પ્રસિદ્ધ થયા છે
- સ્પોર્ટ્સમાં શ્રીલંકા સામે ભારતીય મહિલા ક્રિકેટરોએ ડંકો વગાડ્યો તે તમામ અખાબોરાએ સ્પોર્ટસ પેજ પર પ્રકાશિત કર્યા છે.

---